મનુષ્યની ભાષામાં સિંચાણો બોલ્યો, હે રાજન તમે દયાળુ છો. અને સર્વ પ્રાણીઓને સુખ શાંતિ આપો છો તો તમે મારો આ (પારેવું) આહાર ભક્ષ્ય છે તે મને આપી દ્યો. તેથી મારી ભૂખ શાંત થાય.

મેઘરથ રાજા આશ્ચર્ય સાથે હસીને ગંભીર મુદ્રાએ બોલ્યા, ભાઈ! આ પ્રાણી મારા ખોળામાં આવ્યું એટલે આન રક્ષણ કરવું મારો પ્રથમ ધર્મ છે. જે રાજા શરણાગતનું રક્ષણ ન કરી શકે તે રાજા નહીં પણ ચંડાળ છે. મા આ પારેવાનું રક્ષણ કરીશ. બીજું તારા ભોજન માટે તને પકવાન અથવા અન્ય સામગ્રી જે તું કહે તે મંગાવી આપુ

ક્રોધના આવેશમાં સિંચાણો લાલ આંખ કરી બોલ્યો મહારાજ! આ ક્યાંનો ન્યાય કે એક ને તારો અને બીજાને મારો. તમારા સામે પીરસેલું ભોજન કોઈ લઇ લે તો તમને ખોટું ન લાગે અથવા તમારો આત્મા દુઃખિત ન થાય,

રાજા જરા વિશેષ ગંભીર થઈ બોલ્યા, ભાઈ! તા કહેવું સાચું છે. પણ તને એના બદલામાં હું ઇચ્છિ ભોજન આપું છું. માગ માગ!

રાજા જવા દ્યો. તમને આ સોદો કઠણ પડશે. છ તમને જો આત્મ વિશ્વાસ હોય તો સાંભળી લ્યો, મારે પારેવા બરાબર તમારૂં માંસ ખાવું છે.

કેમ! શાંત કેમ બની ગયા? હું બીજા અન્ય મા પશુઓ અથવા પક્ષીનું માંસ નથી ખાતો. મારે તો તમારા શરીરનું જ માંસ ખાવું છે. જો તમને મંજુર તો તે મને આપી દ્યો અને પારેવાની તમે રક્ષા કરો.



...પાય સાંભળી સ્તબ્ધ થઇ ગયા. આ શું ? આ કોઈ ...ણી છે. અથવા દેવ છે કે રાક્ષસ છે? પણ રાજા એ શાંત ...ણી ત્રાજુડી મંગાવી પોતાનું માંસ કાપી ત્રાજુડીમાં મુક્યું.

પણ એ બધી દેવ માયા હતી, પારેવું તો નીચેનું નીચે ઉપર આવે જ નહીં. પોતાનો પગ કાપી મુકી દીધો, કોઈ ફરક પડયો નહિ.

ત્યારે મેઘરથ રાજા પોતે સ્વયં ત્રાજુડીમાં બેસી ગયા. તે જ સમયે પુષ્પવૃષ્ટિ થઈ અને દેવે પોતાના મુળ રૂપમાં ...ી રાજાને પ્રસન્ન કરી માફી માંગી. દેવો સ્વ સ્થાનકે ગયા.

ત્યારપછી રાજા ઘણા વર્ષ સુધી દયા ધર્મનું પાલન કરી ...મ પુન્યાઈથી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

સર્વાર્થ સિધ્ધવિમાનમાં આનંદની લહેરમાં, મોક્ષમાં ...વિશ્રામ રૂપ તે વિમાનમાં આનંદ અનુભવે છે.

પરમ પવિત્ર દેવતાઓને પણ દુલર્ભ આવા—

...ભારતના આંગણે સુરમ્ય તથા સુન્દર હસ્તિનાપુર ...માં વિશ્વસેન રાજા હતા તેમને અચિરા રાણી હતી.

...જીનવર આવીયા, શાંતિ વ્યાપી જેહ,
...મય થયો જગત છે, વૂઠા અમૃત મેહ.

...આત્માઓ જ્યારે સંસારમાં આવે છે, ત્યારે તેમની ...પુન્યાઈ વડે સર્વ રોગો નાશ પામે છે, અને આધ્યા- ...શાંતિ પ્રાપ્ત થાય છે. માનસિક દાહ જવર, અને ...પણ દુત્યોનો મહાપુણ્યથી નાશ થાય છે.

તે સમયે ત્યાં મહામારી જેવો ભયંકર રોગ ફાટી ...જ્યાં જોઈએ ત્યાં માણસોનાં હાડ પિંજર નજરે ...સંસારમાં હાહાકાર વ્યાપી ગયો.

તેજ વખતે પ્રભુશ્રી મેઘરથ રાજાનો જીવ સર્વાર્થસિ
નામક વિમાનમાંથી તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પુરૂં
અચિરા રાણીની કુખે જન્મ લીધો.

શહેર, નગર, ગ્રામ, અને સંસારમાં સર્વત્ર શા
વ્યાપી તેથી તેમનું નામ શાંતિનાથ રાખવામાં આ
તીર્થંકર અને ચક્રવર્તિની મહાન રિદ્ધિ મેળવી તે
દયાનો પ્રભાવ. ૧૦ ભવમાં—

આસીદયં મેઘરથો ચ આત્મા ।
યઃ પુંડરીકે પ્રબભુવ રાજા ॥
શ્યેન કપોતસ્ય પુરા સુરોયં ।
પરીક્ષિતાયાં શુભસત્યભાવમ્ ॥

આગલા ભવમાં મેઘરથ રાજાએ કરેલ પારેવાના દ
આ ફળ છે. અંતે અષ્ટ કર્મ ક્ષય કરી અબાધ મોક્ષ
પ્રાપ્ત કર્યું"

શાંતિનાથ શાતા કરો.
મારા ભવ બંધન હરો.

શાંતિનાથ પ્રભુ મારા ભવ ભવના બંધન કાપશે
અમને શાંતિ અર્પશે.

પૂર્વભવે શ્રી શાંતિનાથ પ્રભુએ ૨૦ સ્થાનકનું તપ કરી
સાથે ચક્રવર્તી અને તીર્થંકર ગોત્ર બાંધ્યુ અને મહા
પ્રભાવથી સંસારના આધિ અને વ્યાધિક દુઃખો દુર
સર્વત્ર શાંતિ શાંતિ આપી એ પ્રભુનો મહા પ્રસાદ કરે
જન્મથીજ જેણે સંસારના રોગોનો નાશ કર્યો છે.
ભવ્ય પ્રાણીઓને મોક્ષ માર્ગ દેખાડયો છે.



સુપાત્ર દાનનો મહિમા શાલિભદ્રની ઋદ્ધિ.

# શાલિભદ્ર

ઘરમાં મા દિકરો બે જણા, દિકરો વાછરડાં ચારે અને મા ઘડપણ હોવા છતાં મહેનત મજુરી કરે, બન્નેનું જીવન ઘટમાળની જેમ વ્યતીત થઈ રહ્યું હતું.

આજે મોટું પર્વ છે બધાંને ઘેર દુધપાક, ખીર, પુરી, અને મિષ્ટાન્ન બનાવ્યું છે. એક બીજાને બાળકો ખીરની વાતો કરે છે, છોકરો વાછરડાં લઈ ઘેર આવ્યો અને બીજા છોકરાઓના મુખથી આમ ખીરની વાત સાંભળી તેથી.

રડતો રડતો બા પાસે જઈ બોલ્યો, બા! આજે મોટું પર્વ છે. બધાને ઘેર દુધપાક ખીર બનાવી છે ને આપણે ઘેર તો કંઈ નહિ. બા મને ખીર આપ. મારે ખીર ખાવી છે. આમ કહી જોરથી રડવા માંડયો.

આડોસન પાડોસન બ્હેનો ભેગી થઈ કોઈએકે ચોખા આપ્યા કોઈએ દુધ આપ્યું કોઈએ સાકર આમ ખીરની સામગ્રી આમથી ભેગી થઈ ગઈ. ડોશીએ ખીર બનાવી થાળી ભરી છોકરાને ખાવા આપી ને ડોશી માટલું લઈ પાણી ભરવા ચાલ્યાં.

આ બાજુ માસ ખમણના પારણા માટે મુનિરાજ ગોચરી પધાર્યા છોકરો વિચાર કરે છે, અહોભાગ્ય આજે મારે ઘેર ખીર બનાવી અને મુનિરાજ પધાર્યા. ધન્યભાગ્ય.

ઉત્કૃષ્ટ પરિણામ વડે મુનિને ખીરનું ભોજન આપ્યું મુનિરાજ ચાલ્યા ગયા. પછી પોતે થાળી ચાટે છે.

એટલામાં ડોશીમા પાણી લઈ આવ્યાં. જોયું તો
ખાલી હતી એટલે બીજીવાર ખીર આપી તે પણ
ખાઈ ગયો. ડોશીમા વિચાર કરે છે કે મારો
એટલો ભુખ્યો છે કે બે થાળી ખીર ખાઈ ગયો.
દષ્ટિથી અને ખીરના અધિક ભોજનથી બાળક ને વિ
થઈ પછી વાછરડા લઈ જંગલમાં ગયો ત્યાં મુનિ
મળ્યા તેમની પાસે નવકાર મંત્રના સ્મરણ શ્રવણ
બાળકનું મૃત્યુ થયું.

તે બાળકના જીવે દાનના ફળથી ઉત્કૃષ્ટ પુ
રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠની ભદ્રા શેઠાણીના
જન્મ લીધો. નામ શાલિભદ્ર આપ્યું. ૩૨ સ્ત્રીઓ સાથે
કર્યો અને દેવતાઓની જેમ સંસારનાં સુખો ભોગવે

ગોભદ્રશેઠ સ્વર્ગવાસી થયા અને દેવલોકમાં
ઉત્પન્ન થયા પૂર્વજન્મના પ્રેમથી અને કર્મોદયથી પો
પુત્રમાટે સ્વર્ગથી ૩૩ પેટી વસ્ત્રની, ૩૩ આભુષણોની,
૩૩ ભોજનની આમ ૯૯ પેટી રોજ હમ્મેશ શાલિભદ્રને
સ્વર્ગથી ઉતરે છે.

રત્ન કંબલ લઇ કાશ્મીર દેશના વ્યાપારી રાજા શ્રે
સભામાં આવ્યા. એક કંબલની કીંમત સવાલાખ સ્વર્ણ
રાજાએ પણ નહિ લીધી એટલે નિરાશ થઈને ગોભદ્ર
ત્યાં આવ્યા. ભદ્રા શેઠાણી બોલ્યા, ભાઈ મારે તો વ
૩૨ છે. અને તારી પાસે કંબલ ૧૬ જ છે.

હું કોને રાજી કરૂં અને કોને નારાજ, પણ
તારી પાસે વધારે છેજ નહિ તો શું કરીએ. આ એ
કાંબળના બે કકડા કરી આપી દઇશ.



કંબલ લઈ લીધી અને કીંમત આપી દીધી. કંબલના
૩૨ કકડા કરી વહુઓને આપ્યા. વહુઓએ પગ લુંછી
ખાળામાં નાખી દીધાં. તે કકડાઓસીવી ભંગણ ઓઢી
રાજમહેલમાં ગઈ. રાણીના પૂછવાથી ભંગણે સર્વે વૃતાન્ત
કહી સંભળાવ્યો.

રાણીના કહેવાથી રાજા રત્ન કંબલ લેવામાટે શાલિભદ્ર
શેઠને ત્યાં આવ્યા છે. ભદ્રા શેઠાણીએ તેમને ઉપર લઇ જઈ
સિંહાસન ઉપર બેસાડયા છે.

શેઠાણી ઉપર જઇ શાલિભદ્રને કહે છે બેટા! રાજા
શ્રેણિક આવ્યા છે. તો મા! એમાં મને શું પૂછવાનું હોય.
તેને ભંડારમાં નાખી દો. ના ના બેટા આ કોઈ અલં-
કાર નથી પણ આપણા માલીક રાજા છે.

શું હજુ મારા ઉપર માલિક છે. ઠીક ત્યારે ચાલો મા
…ાં છે. શાલિભદ્ર ત્યાં આવે છે. શ્રેણિક રાજાએ શાલિભદ્રને
ખોળામાં બેસાડયા અને કોમળતા જોઈ ચકિત થઈ ગયા.

તે દિવસથી શાલિભદ્ર મનમાં વૈરાગ્યવાન થયા અને વિચાર
કરે છે કે હજુ મ્હારી પુન્યાઈમાં ખામી છે. એટલે પ્રતિદિન
એક એક સ્ત્રીનો ત્યાગ કરવા લાગ્યા,

તેમની બ્હેન સુભદ્રા પોતાના પતિ ધન્નાજીને સ્નાન કરાવે
છે. શાલિભદ્ર એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે, તે યાદ
આવતાં આંખમાંથી આંસુ પડવા લાગ્યાં

બ્હેન યાદ કરે છે કે મ્હારો ભાઇ શાળીભદ્ર ૩૨ સ્ત્રી છોડી ને ભગવાન મહાવીર પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કર મ્હારે તો એકજ ભાઈ છે. અને તે પણ દીક્ષા અંગી કરશે. એમ ભાઇની યાદમાં રડે છે. નેત્રથી આંસુડાની ગર ગરમ ધારા તેના પતિ પર વહે છે.

ઉપર જોઇ ધન્નાજી બોલ્યા કેમ ! શા માટે રડે છે? મ્હા ભાઇ શાલિભદ્રજી પ્રતિદિન એક સ્ત્રીનો ત્યાગ કરે છે. અ પછી દીક્ષા ગ્રહણ કરશે તે માટે.

તારો ભાઇ કાયર છે, જ્યારે છોડવું છે તેમાં વિલ શા માટે? પ્રિય ! કહેવું સરલ છે પણ કરવું મુશ્કેલ ધન્નાજી ઉઠયા. જાઓ મેં આઠ સ્ત્રીયોનો ત્યાગ કર્યો.

ત્યાંથી રવાના થઇ શાલિભદ્રને સાથે લઇ ભગવ મહાવીરપ્રભુ પાસે દિક્ષા અંગીકાર કરી ઘોર તપસ્યા ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી.

ધન્ના શાળીભદ્રની ઋદ્ધિ હોજો આમ લખાય બન્ને અખુટલક્ષ્મીના ધણી; પણ લક્ષ્મીને ક્ષણમાં છો નાશવાન શરીરનો પણ ત્યાગ કરી આનંદની લહેર નિમગ્ન થયા.

ધન ધન્ના શાલિભદ્રજી ત્યાગી થયા મહાન.
આ ભવ પર ભવમાં સદા, પ્રગટયા સુખના ભાન.

પૂર્વ પૂન્યથી આ ભવમાં સાંસારિક સર્વ પ્રકાર સુખો મળ્યા અને આ ભવમાં તપ સંયમ વડે કર્મ નિમિત્ત અનુષ્ઠાન સફળ થયા.

સુપાત્ર દાનનો મહિમા પ્રત્યક્ષ છે મન વચન અને કાયા એકતાથી આપેલા દાનનું અનંતગણું ફળ પ્રાપ્ત થાય

